# બિસ્મીલ્લાહીર રહ્માનીર રહીમ



**કાલ રસુલુલ્લાહ સ૦અ૦વ૦**:-તલબુલ ઈલ્મે ફરીઝતુન અલા કુલ્લે મુસ્લેમીન વઙ મુસ્લેમાત :

**અર્થ : હર મુસલમાન મરદ તેમજ હર મુસલમાન ઓરત ઉપર ફરજ છે,કે તે ઈલ્મ હાંસીલ કરે. તેથી માહે મુંબારક રમઝાન ૧૪૩૧,દરમીયાન,ઉપર જણાવેલ અનુસાર,આપણી જમાતોના મોહતરમ ઓલમાએ કેરામ સાહેબો,જમાતના હોદેદારોની સમંતીથી આ સવાલ - જવાબનો કાર્યક્રમને કરેલ છે**

## સવાલ - જવાબ

- **પહેલો સવાલ અને તેમનો જવાબ :** {જુમેરાત તાઃ ૧૨-૦૮-૨૦૧૦}

  સ૦ - પાક કીતાબ કુરઆને મજીદના કયા સુરાઓને " મઉઝતયન " કહેવામા આવે છે ?

  જ૦ - સુરએ " કુલ અંઉઝો બેરબ્બીલ ફલક " અને સુરએ " કુલ અઉઝો બેરબ્બીન્નાસ "

- **બીજો સવાલ અને તેમનો જવાબ :** {શૂક્રવારની રાત તાઃ ૧૩-૦૮-૨૦૧૦}

  સ૦ - આયતે સલવાત {ઈન્નલ્લાહ વ મલાએકતહુ યુસ્વલ્લુન અલન નબી,યા અયોહલ્લઝીના આમનુ સ્વલ્લુ અલયહે વસ્વલ્લે મુ તસ્લીમા } કયા સુરામાં છે અને કેટલામી નંબરની આ યત છે ?

  જ૦ - સુરએ " અહઝાબ " સુરો ન૦ ૩૩ , આયત ન૦ ૫૬ .

- **ત્રીજો સવાલ અને તેમનો જવાબ :** {શનિવારની રાત તાઃ ૧૪-૦૮-૨૦૧૦}

  સ૦ - સાહેબે હુત { યાને માછલી વાળા,કયા નબીને કહેવામાં આવે છે } ?

  જ૦ - હઝરત યુનુસ અ૦ { તે બારામાં વર્ણનઃ પાક કીતાબનો ૬૮ મો સુરો યાને સુરએ કલમ-ની ૪૮મી આયત.

- **ચોથો સવાલ અને તેમનો જવાબ :** {રવિવાળની રાત તાઃ ૧૫-૦૮-૨૦૧૦}

  સ૦ - {**અહસનુલ કસસ**} યાને પાક કીતાબમાં સવથી ઉત્તમ કીસ્સો કયો વર્ણન થયો છે ?

  જ૦ - હઝરત યુસુફ અ૦નો {કારણકે આમાં ઘણી નસીહતોનું વર્ણન થયું છે}.

- **પાંચમો સવાલ અને તેમનો જવાબ :** {સોમવારની રાત તાઃ ૧૬-૦૮-૨૦૧૦}

  સ૦ - માહે મુંબારક રમઝાનના રોઝા,ઉમ્મતે મોહમ્મદી ઉપર કયા હીજરીસનથી વાજીબ થયા છે ?

  જ૦ - હીજરીસન બેથી {૨}

- **છઠો સવાલ અને તેમનો જવાબ** : {મંગળવારની રાત તાઃ ૧૭-૦૮-૨૦૧૦}

  સ૦ - આપણી પાક કીતાબ,કુરઆને કરીમમાં,ફકત ૩ આયત વાળા,કેટલા સુરાઓ છે ?

  જ૦ - ૩ {૧} સુરએ અસ્ર,{૨} સુરએ કવસર,{૩} સુરએ નસ્ર

- **સાતમો સવાલ અને તેમનો જવાબ :** {બુધવારની રાત તાઃ ૧૮-૦૮-૨૦૧૦}

  સ૦ - આપણી પાક કીતાબ,કુરઆને મજીદના કયા સુરાને " **ઉમ્મુલ કુરઆન** " કહેવામાં આવે છે ? {યાને કુરઆનની મા}

  જ૦ - સુરએ ફાતેહા.

- **આઠમો સવાલ અને તેમનો જવાબ :** {જુમેરાત તાઃ ૧૯-૦૮-૨૦૧૦}

  સ૦ - જનાબે ખદીજતુલ કુબ્રા અલયહા સલામના પીતાજીનુ મુંબારક નામ શુ હતું ?

  જ૦ - જનાબે ખોવયલીદ બીન અસદ

- **નવમો સવાલ અને તેમનો જવાબ :** {શૂક્રવારની રાત,તાઃ ૨૦-૦૮-૨૦૧૦}

  સ૦ - હઝરત મુસા અ૦ ઉપર,માહે મુંબારક રમઝાનની કઈ તારીખે,અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ,તેમની પાક કીતાબ " **તવરેત** " નાઝીલ ફરમાવેલી છે ?

  જ૦ - છઠી માહે મુંબારક રમઝાનના.

- **દસમો સવાલ અને તેમનો જવાબ :** {શનિવારની રાત,તાઃ ૨૧-૦૮-૨૦૧૦}

સ૰ - આપણી પાક કીતાબ,કુરઆને મજીદમાં,કેટલા સુરાઓ છે,જે પાક નબીઓના મુંબારક નામો ઉપર છે ?

જ૰ - {૬} છ -૧}- સુરએ યુનુસ,- ૨}- સુરે હુદ,- ૩}- સુરે યુસુફ,- ૪}- સુરે ઈબ્રાઈમ, - ૫}- સુરએ મોહમ્મદ,- ૬}- સુરએ નુહ.

- **અગીયારમો સવાલ અને તેમનો જવાબ :** {રવિવાળની રાત,તાઃ ૨૨-૦૮-૨૦૧૦}

સ૰ - આપણી પાક કીતાબ,કુરઆને મજીદમાં,૧૧૪ સુરામાં,કેટલી વકત,અલ્લાહ સુબ્હાનહુ વ-ત-આલાએ,રસુલે ઈસ્લામને,તેમના મુબારક નામે,**મોહમ્મદથી**,પુકારેલ છે ?

જ૰ - ચાર જગ્યાએ.

- **બારમો સવાલ અને તેમનો જવાબ :** {સોમવારની રાત,તાઃ ૨૩-૦૮-૨૦૧૦}

સ૰ - આપણી પાક કીતાબના ૧૧૪ પાક સુરાઓ માથી,એક મુંબારક સુરાનું નામ,મુસલમાનો ની એક જંગ માથી રાખવામાં આવેલ છે,તે કયો સુરો છે ?

જ૰ - સુરો ન૰૩૩,સુરએ અહઝાબ.જંગઃ જંગે ખંદક.

- **તેરમો સવાલ અને તેમનો જવાબ :** {મંગળવારની રાત,તાઃ ૨૪-૦૮-૨૦૧૦}

સ૰ - આપણા બીજા ઈમામ,હઝરત હસન અ૰,આપણા કયા માસુમ અ૰ના સસ્રા હતા ?

જ૰ - હઝરત ઈમામે ઝયનુલ આબેદીન અ૰.

- **ચઉદમો સવાલ અને તેમનો જવાબ :** {બુધવારની રાત,તાઃ ૨૫-૦૮-૨૦૧૦}

સ૰ - કુરઆને મજીદમાં,કયા કયા જાનવરોના નામથી,સુરાઓના નામ આવેલ છે ?

જ૰ - પાંચ સુરાઓ : - {૧} - સુરો ન૰૦૦૨ - સુરએ બકરહ - ગાયનો સુરો.
- {૨} - સુરો ન૰૦૧૬ - સુરએ નહલ - મધમાખીનો સુરો.
- {૩} - સુરો ન૰૦૨૭ - સુરએ નમ્લ - કીડીનો સુરો.
- {૪} - સુરો ન૰૦૨૯ - સુરએ અન-કબૂત - કરોળીયોનો સુરો.
- {૫} - સુરો ન૰૧૦૫ - સુરએ ફીલ - હાથીનો સુરો.

**આ સવાલના જવાબોની સાથ,બીજા બે સુરાઓનો સમાવેશ કરી શકાય છે :**
- {૬} - સુરો ન૰૦૦૬ - સુરએ અન્આમ - પશૂઓનો સુરો.
- {૭} - સુરો ન૰૧૦૦ - સુરએ આદિયાત - પૂરવેગથી દોડતા હાંફતા ઘોડાનો સુરો.

- **પંદરમો સવાલ અને તેમનો જવાબ :** {જુમેરાત તાઃ ૨૬-૦૮-૨૦૧૦}

સ૰ - તે કયા મોહતરમ આલીમેદીન છે,કે જે નહજુલ બલાગાહમાં,મૌલા અલી અ૰ના ખુત-બાઓ આપેલ તેમજ પત્રલખેલ,તેનુ સંગ્રહ કરેલ છે યાને ભેગુ કરેલ છે ?

જ૰ - સય્યદ શરીફ અલ-રઝી અ.ર.

- **સોળમો સવાલ અને તેમનો જવાબ :** {શૂક્રવારની રાત તાઃ ૨૭-૦૮-૨૦૧૦}

સ૰ - આપણી પાક કીતાબ,કુરઆને મજીદનો પહેલો સુરો,સુરએ **"અલહમ્દ"**ના બીજા પાંચ {૫} મુંબારક નામ આપો .

જ૰ - {01}-**ફાતેહતુલ કિતાબ** : તે બોલ **"ફતેતાહથી"**આવે છે,યાને સવથી પહેલુ,ઉદગાટન. સુરે અલહમ્દ કુરઆનનો સવથી પહેલો સુરો છે.

{૦૨}-**ઉમ્મુલ કિતાબ** : તે બોલ **"ઉમ્મ"** માથી આવે છે.અને ઉમ્મ અરબી બાષામાં તેને કહેવામાં આવે છે,જે શરૂઆત માટે મુળ હોય.સુરે અલહમ્દ,પાક કીતાબનો મુર છે.

{૦3}-**સુરતુસ્સબઅ** : સુરે અલહમ્દને તે માટે સુરતુસ્સબઅ કહેવામાં આવે છે,કારણકે તેમાં સાત આયત છે.

{૦૪}-**સૂરતુલ મસાની** : એટલે બે વખત.હર નમાઝમાં તે બે વખત પઢાય છે,આ સુરે બે વખત નાઝીલ થયો છે,મકકા અને મદીનામા.

{૦૫}-**વાફીયાહ** : એટલે પુરો {સંપુર્ણ}દરેક નમાઝ,વાજીબ હોય કે પછી સુન્નત તેને પુ રો પડવો લાઝીમ છે.

{૦૬}-**કાફીયા** : એકજ પુરો {કાફી} છે.તેના સિવાય બીજો સુરો માત્ર એકલો પડે,તો નમાઝ નહી થાય.

{૦૭}-**સુરએ અસાસ** : મુળ,અસલ,પાયો,આ સુરાને અસાસ એટલા માટે કહે છે, કારણકે તે કુરઆને શરીફનો મુળ છે.

{૦૮}-**શિફા** : એમા દરેક બીમારી માટે શીફા છે.

{૦૯}-**સુરએ શુક્ર તથા હમ્દ** : એ નામો એટલા માટે છે,કે તેમાં ખુદાનો શુક્ર કરવા અને વખાણ કરવાનું છે.

{૧૦}-**સૂરતુસ્સલાત** : અર્થ એ કે તે દરેક નમાઝમાં પઢાય છે.

તેમજ આ સિવાય અમુક બીજા પણ મુંબારક નામો છે.

- **સતરમો સવાલ અને તેનો જવાબ** : {શનિવારની રાત,તાઃ ૨૮-૦૮-૨૦૧૦}

સ૦ - કુરઆને મજીદના કયાસુરામાં,તેમજ કઈ આયતો છે,જેમાં હઝરત મુસા અ૦ તેમજ હઝરત ખીઝર અ૦ની ગુફતગુ બારામાં વર્ણન થયુ છે ?

સ૦ - સુરો ન૦૧૮,સુરએ કહફ {ગુફો}ની આયત ન૦૬૪ થી ૮૨ સુધી.

- **અઢારમો સવાલ અને તેમનો જવાબ** : {રવિવાળની રાત,તાઃ ૨૯-૦૮-૨૦૧૦}

સ૦ - કુરઆને મજીદનો,સવથી છેલ્લો,મકકામાં કયો સુરો નાઝીલ થયો છે ?

જ૦ - સુરો ન૦30,સુરએ રૂમ.

- **ઓગણીસમો સવાલ અને તેમનો જવાબ** : {સોમવારની રાત,તાઃ 30-૦૮-૨૦૧૦}

સ૦ - પાક કીતાબમાં,તે કયા મહાન હસતીઓનું વર્ણન થયું છે,કે તે ખુદ નબી છે,અને તેમના સસ્રા પણ નબી છે ?

જ૦ - જમાઈ હઝરત મુસા અ૦ અને સસ્રા હઝરત શૌએબ અ૦

- **વીસમો સવાલ અને તેમનો જવાબ** : {મંગળવારની રાત,તાઃ ૩૧-૦૮-૨૦૧૦}

સ૦ - આપણી પાક કીતાબ,કુરઆને કરીમમાં,તે કઈ મહાન શખ્સીયતનું વર્ણન થયું છે,જે પાક પરવરદીગારની બારગાહમાં,દુઆ ગુજારેલ છે,કે મને જન્નતમાં,એક મકાન ઈનાયત કર, તે શખ્સીયતનું મુંબારક નામ, કયા સુરા અને કઈ આયતમાં છે ?

જ૦ - મોમેનાહ જનાબે આસીયા સ.અ. {સુરો ન૦૬૬,સુરએ તહરીમ આયત ન૦૧૧}.

- **એકવીસમો સવાલ અને તેમનો જવાબ** : {બુધવારની રાત,તાઃ ૦૧-૦૯-૨૦૧૦}

સ૦ - આપણા ૧૪ માસુમીન અ૦માથી કયા માસુમ ની મઅરેફત હાસીલ થઈ તો જાણે શબેકદર મળી ગઈ ?

જ૦ - જનાબે સય્યદા,ફાતેમા ઝેહરા સ૦ અ૦.

**- બાવીસમો સવાલ અને તેમનો જવાબ :** {જુમેરાત,તાઃ ૦૨-૦૯-૨૦૧૦}
સ૦ - હઝરત રસુલે ખુદા,મોહમ્મદે મુસતફા સ૦ વ૦ના કયા સહાબીને,તેમની શહાદત બાદ, મલાએકાએ ગુસલ આપ્યું છે ?
જ૦ - જનાબે હનઝલહ બીન અબી આમીર

**- ત્રેવીસમો સવાલ અને તેમનો જવાબ :** {શુક્રવારની રાત,તાઃ ૦૩-૦૯-૨૦૧૦}
સ૦ - આપણી પાક કીતાબ કુરઆને મજીદમાં,એક એવી આયત છે જેમાં પાંચ {૫}અઝાબનો ઝીક્ર થયો,તે કયા સુરામાં અને કઈ નંબરની આયત છે ?
જ૦ - સુરએ અઅરાફ, સુરો ન૦૭, આયત ન૦ ૧૩૩

**- ચોવીસમો સવાલ અને તેમનો જવાબ :** {શનિવારની રાત,તાઃ ૦૪-૦૯-૨૦૧૦}
સ૦ - રસુલે ખુદા,હઝરત મોહમ્મદ મુસતફા સ૦અ૦વ૦,ફરમાવ્યું છે,કે પાક કીતાબના અમુક સુરાઓ મને ઝઈફ કરી દીધો છે,તે કયા કયા સુરાઓ તરફ ઈશારો છે ?
જ૦ - સુરએ હુદ , સુરએ વાકેઆ , સુરએ મુરસલાત અને સુરએ નબા.

**સવાલ - જવાબનો કાર્યક્રમ સમાપ્ત**

આખેરૂ દઅવાના અલ્હમ્દો લીલ્લાહે રબ્બીલ આ-લ-મીન.

આ રીપોર્ટ પેશ કરનાર, ખાસ બીરાદર
ભાઈ ભા વસરામના દુઆ તથા માન ભર્યા સલામ
સ્વીકારશો